RNI No.GUJGUJ/2016/74805

e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in

પ્રતિશ્રી,

# ટેક્ષ ટુડે

**Tax Today (Monthly)** (ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

◆ વર્ષઃ ૫, ◆ અંકઃ ૧, ◆ સળંગ અંકઃ ૪૮, ◆ તા.૧૭/૧૦/૨૦૨૦, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂ.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- (કુરીયર સાથે રૂ.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઈ પોપટ, ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.
Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

# ૧ ઓક્ટોબર ૨૦૨૦થી લાગુ થઈ છે TCSની નવી જોગવાઈઓ... શું અસર કરશે આ જોગવાઈ તમારા ઉપર???

● CA મોનીષ શાહ ● CA દિવ્યેશ સોઢા,
● ADV. લલિત ગણાત્રા ● ADV ભવ્ય પોપટ

૦૧ ઓક્ટોબર ૨૦૨૦ થી ઈન્કમ ટેક્સ કાયદા કલમ 206C(1H) હેઠળ TCSની જોગવાઈ લાગુ થઈ છે. આ અંગે પૂછાતા સામાન્ય પ્રશ્નો વાંચો સરળ ભાષામાં

૦૧ ઓક્ટોબર ૨૦૨૦થી ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ નવી જોગવાઈ 206C(1H) લાગુ થઈ છે. આ જોગવાઈ જાણવી સૌ માટે જરૂરી છે. વાંચકોની સરળતા માટે આ લેખમાં નવા નિયમો અંગે વારંવાર પૂંછતા પ્રશ્નો રજૂ કરવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

**૧. શું છે આ TCSની નવી જોગવાઈ? શું જવાબદારી આવશે વેચનાર ઉપર આ નવી જોગવાઈઓના કારણે?**

જવાબઃ અગાઉ પણ ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૨૦૬ ની વિવિધ કલમો હેઠળ TCS ની જોગવાઈ લાગુ પડતી હતી. હવે ૦૧ ઓક્ટોબર ૨૦૨૦ થી નવી જવાબદારી એવા કરદાતાઓ માટે નાખવામાં આવેલ છે જેમનું ટર્નઓવર પાછલા વર્ષમાં ૧૦ કરોડથી વધુ હતું. આ પ્રકારના કરદાતાએ પોતાના ગ્રાહકો (B2B તથા B2C બન્ને) જેમની પાસેથી ૫૦ લાખથી વધુ રકમ માલના વેચાણ પેટે મેળવવામાં આવેલ હોય તેમની પાસેથી વેચાણની રકમ, જી.એસ.ટી. ઉપરાંત TCS પણ ઉઘરાવવાનો રહેશે. આ TCS ૦.૧%ના દરે ઉઘરાવવાનો રહેશે. જો કે હાલ કોરોનાકાળ મે TDS/TCSમાં જે રાહતો આપવામાં આવી છે તે મુજબ હાલ ૦.૦૭૫% TCS ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી લાગુ રહેશે. અગાઉ જે વ્યવહારો ઉપર TDS-TCS લાગુ હોય તેમને આ નવી જોગવાઈઓ લાગુ પડશે નહીં.

**૨. શું આ TCSની જોગવાઈ માત્ર માલ ઉપર લાગુ પડે કે સેવા ઉપર પણ લાગુ પડે?**

જવાબઃ આ TCSની જોગવાઈ માત્ર માલ ઉપર લાગુ પડે. સેવા ઉપર લાગુ પડે નહીં.

**૩. શું આ ૧૦ કરોડની જે લિમિટ વેચનાર માટે આપવામાં આવી છે તેમાં તમામ વેચનાર નો સમાવેશ થઈ જાય કે આમાં કોઈ આપવાદો રહે છે?**

જવાબઃ હા, પાછલા વર્ષમાં ૧૦ કરોડથી વધુનું ટર્નઓવર ધરાવતા તમામ કરદાતાઓ ઉપર આ TCSની જોગવાઈઓ લાગુ થઈ જાય છે.

**૪. શું આ ૧૦ કરોડની લિમિટ એ ચાલુ નાણાકીય વર્ષ માટેની ગણાશે કે અગાઉના વર્ષ માટેની?**

જવાબઃ ૧૦ કરોડની લિમિટ અગાઉના વર્ષના ટર્નઓવર ના આધારે ગણવાની રહેશે.

**૫. શું આ ૫૦ લાખ ની લિમિટ એ ખરીદનાર દીઠ છે?**

જવાબઃ હા, ૫૦ લાખની મર્યાદા છે એ ખરીદનરદીઠ છે અને જે ખરીદનાર પાસેથી વર્ષ દરમ્યાન ૫૦ લાખથી વધુની રકમ મેળવવામાં આવે તેમના ઉપરજ TCS કરવાનો રહેશે.

**૬. આ જોગવાઈ ૦૧ ઓક્ટોબર ૨૦૨૦ થી લાગુ થયેલ છે. વેચનાર માટે ૧૦ કરોડ કે ખરીદનાર ૫૦ લાખની લિમિટ ગણવા માટે ટર્નઓવર ૦૧ એપ્રિલથી ગણવાનું રહે કે ૦૧ ઓક્ટોબરથી?**

જવાબઃ વેચનાર માટે ૧૦ કરોડની મર્યાદા ગણવા માટે પાછલું વર્ષ (૨૦૨૦-૨૧ ના વર્ષ માટે ટર્નઓવર ૨૦૧૯-૨૦ નું જોવાનું રહે)નું ટર્નઓવર જોવાનું રહે. જ્યારે ૫૦ લાખની ખરીદનારની મર્યાદા જોવા માટે ૦૧ એપ્રિલથી વર્ષ જોવાનું રહે, નહીં કે ૦૧ ઓક્ટોબરથી.

**૭. શું ૦૧ ઓક્ટોબર ૨૦૨૦ પહેલા થયેલ વેચાણ બાબતે TCSની આ જોગવાઈઓ લાગુ પડશે?**

જવાબઃ આ TCSની જોગવાઈમાં વેચાણ કરતાં વધુ મહત્વ ચુકવણીનું છે. જો ૦૧ ઓક્ટોબર પહેલા થયેલ વેચાણ માટેની રકમ ૦૧ ઓક્ટોબર ૨૦૨૦ બાદ મળે તો TCS કરવાનો રહેશે.




**૮. અમારા ગ્રાહક દ્વારા ૧ કરોડનો માલ માર્ચ ૨૦૨૧માં ખરીદવામાં આવ્યો છે, જેનું ચૂકવણું એ એપ્રિલ માહિનામાં કરે તો TCS ૨૦૨૦-૨૧ ના નાણાકીય વર્ષ માટે થાય કે ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે?**

જવાબઃ આ કિસ્સામાં ચુકવણી ૨૦૨૧-૨૨ માં કરવામાં આવતી હોય TCSની જવાબદારી ૨૦૨૧-૨૨ ના વર્ષમાં આવશે, ભલે વેચાણ ૨૦૨૦-૨૧ માં કરવામાં આવ્યું હોય.

**૯. સામાન્ય રીતે વેચનાર પોતાના બિલ બનાવવા સમયે આ TCS દર્શાવતા હતા. જ્યારે આ જોગવાઈ માં વેચાણ કરતાં વધુ મહત્વ ચુકવણીને આપવામાં આવ્યું છે. તો શું આ બાબતે રિસીપ્ટ બુકમાં TCS ઉઘરાવવો જરૂરી બનશે?**

જવાબઃ અમારા મટે TCSની આ જોગવાઈ સૌથી વધુ મુશ્કેલી આ બાબતે ઊભી કરશે. પ્રવર્તમાન TCSની મોટાભાગની જોગવાઈઓ વેચાણ આધારિત છે જ્યારે આ નવી લાગુ થયેલ જોગવાઈ રિસીપ્ટ આધારિત છે. અમારા મતે TCS કરનારએ આ બાબતે ડેબિટ નોટ આપવાનો વિકલ્પ પસંદ કરવો સારો રહે.

**૧૦. શું સ્થાવર મિલ્કત જેવીકે ફ્લેટ, મકાન વી. ના વેચાણ ઉપર TCSની આ જોગવાઈઓ લાગુ પડે?**

જવાબઃ ના, આ અંગે બહાર પાડવામાં આવેલ પ્રેસ વિજ્ઞપ્તિમાં સ્પષ્ટ રીતે જાહેર કરાયું છે કે ફ્લેટ-મકાન વગેરે સ્થાવર મિલ્કત સંદર્ભે આ જોગવાઈઓ લાગુ પડશે નહીં. આમ પણ આ જોગવાઈઓ ઉપર અમુક મર્યાદા ઉપરની ચુકવણી ઉપર TDSની જોગવાઈ લાગુ છે.

**૧૧. મોટર વિહીક્લના વેચાણ ઉપર અત્યાર સુધી પણ અમુક નિયમોને આધીન પણ TCS લાગુ પડતો. હવે આ TCSની જોગવાઈઓ થી મોટર વિહીકલના વેચાણ ઉપર શું અસર પડશે?**

જવાબઃ હાલ જે ૧૦ લાખની TCS ની જોગવાઈ મોટર કારના વેચાણ ઉપર લાગુ છે તે માત્ર એન્ડ યુઝર માટે છે. ગ્રાહક જો ૧૦ લાખ ઉપરની કારની ખરીદી કરે તો વેચનાર દ્વારા TCS કરવાનો રહે છે. એ જોગવાઈતો ચાલુ જ રહેશે. હાલ લાગુ થયેલી જોગવાઈ એ કાર નિર્માતા કંપની જ્યારે પોતાના ડીલરને મોટર વિહીકલનું વેચાણ કરે ત્યારે પણ લાગુ થઈ જશે.

**૧૨. આ જોગવાઈઓથી સોનાના ધંધા સાથે જોડાયેલ વેપારીઓ ખાસ્સા પરેશાન છે. સોની ઉપર આ નવી જોગવાઈની શું અસર પડશે?**

જવાબઃ સોનાના વેપાર સાથે જોડાયેલ ધંધાર્થીઓને પણ આ જોગવાઈ લાગુ પડશે. પણ એ બાબત જાણવી જરૂરી છે કે રિટેઈલ વેપાર કરતાં વેપારીએ TCS કરવાની જવાબદારી આવશે તે અંગેનો ડર ખોટો છે. તેઓ જો એકજ વેપારી પાસેથી માલ ખરીદી બાબતે ચૂકવણું કોઈ નાણાકીય વર્ષમાં ૫૦ લાખથી વધુ કરશે તો તમનો TCS વેચનાર

(અનુસંધાન બીજા પાને)



# GSTR 4 તથા GSTR 10ની લેઈટ ફીમાં પણ કરવામાં આવ્યો ઘટાડો.. કોરોનાની અસર કંપોઝીશનના વેપારીને પણ છે તેનો આખરે થયો સ્વીકાર!!!

## બાકી રહેલા GSTR 4 તથા GSTR 10 માટેની લેઈટ ફી રહેશે મહત્તમ ૫૦૦/-

તા. ૨૨.૦૯.૨૦૨૦: જી.એસ.ટી. હેઠળ કોરોના કાળમાં કરદાતાઓને બજાવવાની થતી કાર્યવાહીમાં ઘણી છૂટછાટ આપવામાં આવી છે. આ છૂટમાં એક વધુ ઉમેરો થયેલ છે. કંપોઝીશન સિવાયના કરદાતાઓને જુલાઇ ૨૦૧૭ થી બાકી રિટર્ન ઉપર લેઈટ ફીમાં રાહતો આપવામાં આવી હતી. પરંતુ કોઈ પણ અગમ્ય કારણોસર કંપોઝીશનના કરદાતાઓને આ છૂટ આપવામાં આવી ન હતી. ટેક્સ ટુડે સહિતના વિવિધ સમાચાર માધ્યમો, વિવિધ સંગઠનો દ્વારા આ અંગે રજૂઆતો કરવામાં આવી હતી. અંતે આ રજૂઆતો માન્ય રાખી કંપોઝીશન કરદાતાઓ માટે ૩૧.૦૩.૨૦૧૯ સુધીના બાકી GSTR 4 માટે (૦૧.૦૪.૧૯ થી કંપોઝીશન કરદાતાઓએ CMP 08 ભરવાના રહે છે જેના ઉપર કોઈ લેઈટ ફી લગતી નથી) NIL રિટર્ન માટે સંપૂર્ણ લેઈટ ફી માફ કરી આપી છે. જ્યારે NIL સિવાયના રિટર્ન માટે CGST તથા SGST બન્ને હેઠળ ૨૫૦/- રૂ પ્રતિ રિટર્ન એટલે કે કુલ ૫૦૦ રૂા.ની લેઈટ ફી નિયત કરી આપી છે. GSTR




4 ઉપરાંત કંપોઝીશન સિવાયના જે કરદાતાઓ પોતાનો નોંધણી દાખલો રદ્દ કરાવે તેમણે GSTR 10માં ફાઈનલ રિટર્ન ભરવાનું થાય છે. આ રિટર્ન ભરવાની લેઈટ ફી પણ ૨૫૦ રૂ પ્રતિ કાયદા, આમ કુલ ૫૦૦/- ની મહત્તમ મર્યાદા કરી આપી છે.

જોકે આ લેઈટ ફી ૨૨ સપ્ટેમ્બરથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી ભરવામાં આવેલા GSTR 4 તથા GSTR 10 નેજ લાગુ પડશે. અગાઉ જેમને લેઈટ ફી ભરેલ છે તેમને કોઈ રિફંડ આપવામાં આવશે નહીં. આ નોટિફિકેશન બહાર પડતાં તરેક ટેક્સ પ્રેકટિશનરના મનમાં એકજ પ્રખ્યાત હિન્દી કહાવત યાદ આવી હશે... ‘‘દેર આયે દુરુસ્ત આયે‘‘....

# જી.એસ.ટી. હેઠળ આપવામાં આવ્યો મહત્વનો ખુલાસોઃ TCS ઉપર નહીં લગાડવાનો રહે જી.એસ.ટી.

### CBICએ પોતાના ૭૬/૨૦૧૮, તા.૩૧ ડિસેમ્બર ૨૦૧૮ના સર્ક્યુલર માટે સુધારો બહાર પાડ્યો

તા. ૦૬.૧૦.૨૦૨૦: CBIC દ્વારા ૭૬/૨૦૧૮ ના સર્ક્યુલર દ્વારા એવું જાહેર કરવામાં આવ્યું હતું કે ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ લાગતાં TCS ઉપર પણ જી.એસ.ટી. વસૂલ કરવાનો રહેશે. તારીખ ૦૫.૧૦.૨૦૨૦ ના રોજ આ બાબતે એક સુધારો બહાર પાડી CBIC દ્વારા સ્પષ્ટતા કરવામાં આવેલ

છે કે જી.એસ.ટી.એ TCS ઉપર લગાડવાનો રહેશે નહીં. TCS એ ટેક્સ નથી પરંતુ માત્ર એક વચગાળાની ટેક્સની વસૂલાતની રકમ છે. આમ, સેન્ટરલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ની કલમ ૧૫(૨) હેઠળ ‘‘વેલ્યૂ’’ નક્કી કરવા TCS ધ્યાને લેવાનો રહે નહીં. આ અંગે સરકારને વેપારી મંડળો દ્વારા અનેક રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતોને માન્ય રાખી આ સુધારો બહાર પાડવામાં આવ્યો છે. આમ, લાંબા સમયથી ચાલતી આ મુંજવણ ઉપર પૂર્ણ-વિરામ મુકાય ગયું છે.

**(ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે)**

(એ બાબત યાદ રાખવી ખૂબ જરૂરી છે કે જી.એસ.ટી. કાઉન્સીલના નિર્ણય ત્યારેજ લાગુ થાય જ્યારે આ અંગે આધિકારિક જાહેરનામા બહાર પાડવામાં આવે)

# ઈન્કમ ટેક્સ દ્વારા બહાર પાડવામાં આવી મહત્વની સ્પષ્ટતાઃ ટૂંકા ગાળાના મૂડી નફા માટે નહીં આપવી પડે ‘સ્ક્રીપ્ટ’ પ્રમાણે વિગતો

## કરદાતાઓ આ વિગતો આપવા અંગે હતા અસમંજસમાં, ડિપાર્ટમેંટ દ્વારા કરવામાં આવેલ ખુલાસાથી થયો છે હાશકારો

તા. ૨૯.૦૯.૨૦૨૦: ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ શેરના વ્યવહારો ઉપર સામાન્ય સંજોગોમાં મૂડીનફો લાગે છે. આ મૂડી નફા બાબતે એક મહત્વની સ્પષ્ટતા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા પ્રેસ વિજ્ઞપ્તિ બહાર પાડી કરવામાં આવી છે. ૨૬ સપ્ટેમ્બરના રોજ બહાર પાડવામાં આવેલ પ્રેસવિજ્ઞપ્તિમાં એવું જણાવવામાં આવ્યું છે કે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં ટૂંકા ગાળાના મૂડી નફા બાબતે સ્ક્રીપ્ટ પ્રમાણે વિગતો આપવી ફરજિયાત નથી. ઈન્કમ ટેક્સનું નિયમન કરતી સંસ્થા સેન્ટરલ બોર્ડ ઓફ ડિરેક્ટ ટેક્સ (CBDT) દ્વારા પ્રેસ વિજ્ઞપ્તિ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સ્ક્રીપ્ટ પ્રમાણે વિગતો માત્ર લાંબાગાળાના મૂડી નફા બાબતે ફરજિયાત છે જેમાં કરદાતાને ‘‘ગ્રાન્ડફાધરિંગ ક્લોઝ’’ નો લાભ આપવામાં આવે છે. ૩૧.૦૧.૨૦૧૮ સુધીના લાંબાગાળાનો મૂડીનફોને શરતોને આધીન કરમુક્તિનો લાભ મળતો હોય આ પ્રકારના વ્યવહારો માટે ‘‘સ્ક્રીપ્ટ’’ પ્રમાણે વિગતો આપવી ફરજિયાત બનાવવામાં આવેલ છે. આ જાહેરાત થતાં કરદાતાઓ તથા ખાસ કરીને ઈન્કમ ટેક્સ રિટર્ન ભરતા કરવ્યવસાયિકો રાહત અનુભવી રહ્યા છે.

**(ભવ્ય પોપટ, એડિટર)**

# ૨૦૧૮-૧૯ના જી.એસ.ટી.ના વાર્ષિક રિટર્ન ભરવાની મુદતમાં ૧ મહિના માટે કરવામાં આવ્યો વધારો, ૩૧-૧૦-૨૦૨૦ સુધી ભરી શકાશે આ રિટર્ન

### હવે ઈન્કમ ટેક્સ ઓડિટ તથા જી.એસ.ટી. વાર્ષિકની મુદત સાથે થતાં ફરી કરવ્યવસાયીકો મુંજવણમાં!!!

તા. ૩૦.૦૯.૨૦૨૦: ૨૦૧૮ ૧૯ ના વાર્ષિક રિટર્નની મુદતમાં વધારાની જાહેરાત કરતું ટ્વિટ CBICના ટ્વીટર હેન્ડલ ઉપર કરવામાં આવેલ છે. હાલ બિહાર સહિત ઘણા રાજ્યોમાં ચૂટણીની આંચરસહિંતા લાગુ હોય ચૂટણીપંચની આ જાહેરાત માટે પરવાનગી લઈ લેવામાં આવેલ છે. માનવમાં આવે છે કે આ કારણેજ આ જાહેરાત કરવામાં નાણાંમંત્રાલય દ્વારા વિલંબ થયો હોય. હવે એક માસ માટેની મુદત વધતાં ૨૦૧૯-૨૦ ના નાણાકીય વર્ષ ના ઈન્કમ ટેક્સ ઓડિટની મુદત્ત તથા ૨૦૧૮ ૧૯ ના જી.એસ.ટી. ઓડિટની મુદત સાથે થતાં ફરી કર વ્યવસાઈકો મુંજવણમાં મુકાઇ ગયા છે તેવા સમાચાર મળી રહ્યા છે. જી.એસ.ટી. વાર્ષિક રિટર્નની મુદત ૩૧.૧૨ સુધી વધારવામાં આવે તેવી આશા ટેક્સ પ્રોફેશનલ્સ સેવી રહ્યા હતા. કોરોના કાળમાં પણ એક મહિનાની રાહત કેટલી કારગત નીવડે છે તે તો આવનારો સમયજ કહી શકશે અન્યથા ૩૧.૧૦.૨૦૨૦ નજીક આવતા પછી આ પ્રકારે મુદત્ત વધારવાની માંગ શરૂ થઈ જશે તે ચોક્કસ છે.

**(ભવ્ય પોપટ, એડિટર)**

(અનુસંધાન પાના ૧થી શરૂ)

## TCSની નવી જોગવાઈઓ...

વેપારી કાપશે. આ TCSની ખરીદનારને ક્રેડિટ મળશે. આવા સોનાના રિટેલર દ્વારા આ TCSનો અંદાજ કરી પોતાનો એડવાન્સ ટેક્સ એડ્જેસ્ટ કરી લેવો જોઈએ. રિટેઈલ વેચાણ કરતાં સોની પાસેથી કોઈ ગ્રાહકની ખરીદી અંગે ચૂકવણું ૫૦ લાખથી વધે તો TCS કરવાની જવાબદારી આવે. આની શક્યતા ખૂબ ઓછી છે. આમ, સામાન્ય સોની વેપારી ઉપર આ જોગવાઈની કોઈ ખાસ અસર પડશે નહીં.

**૧૩. શું આ જોગવાઈ એક્સપોર્ટર ને લાગુ પડે?**

જવાબઃ ના, આ જોગવાઈ એક્સપોર્ટના વ્યવહારને લાગુ નથી પડતી. પરંતુ અમારા મતે જો એક્સપોર્ટર ડોમેસ્ટિક વ્યવહાર કરે તો આ વ્યવહાર સંબધી આ જોગવાઈઓ લાગુ પડી જાય.

**૧૪. APMCના નોંધાયેલ કમિશન એજન્ટ ઉપર આ નવી જોગવાઈની શું અસર પડી શકે?**

જવાબઃ APMCના રજિસ્ટર્ડ કમિશન એજન્ટના વ્યવહારને મુખ્યત્વે બે ભાગમાં વહેચી શકાય. એક કાચા આડતિયા અને બીજું પાક્કા આડતીયા. જો કાચા આડતીયા માત્ર કમિશન લઇ અને ખરીદનાર અને વેચનારના વ્યવહાર અંગે મધ્યસ્થી કરતાં હોય તો આ નવી TCSની જોગવાઈ તેમને લાગુ પડે નહીં. પરંતુ જો પાક્કા આડતિયા જો પોતાના નામે ખરીદ-વેચાણ કરતાં હોય તો આ જોગવાઈ તેમના ઉપર પણ લાગુ પડી જાય.

**૧૫. કોઈ વેપારીને એડવાન્સ મેળે તો શું તેના ઉપર TDS કરવાનો રહે?**

જવાબઃ હા, આ જોગવાઈ રકમની ચુકવણી સાથે જોડાયેલ હોય, ટર્નઓવર તથા ચુકવણીની અન્ય મર્યાદાઓ પૂર્ણ થઈ હોય તો ૦૧ ઓક્ટોબર ૨૦૨૦ પછી મળતા એડ્વાન્સ ઉપર પણ TCS કરવાનો રહે છે.

**૧૬. TCS ની વેલ્યૂ નક્કી કરવા જી.એસ.ટી. સાથેની રકમ ગણવી જોઈએ?**

જવાબઃ હા, TCS એ માલની કિમત તથા તેના ઉપર લગતા જી.એસ.ટી. ની કુલ રકમ ઉપર કરવાનો રહે છે.

**૧૭. ક્રેડિટ નોટ-ડેબિટ નોટ આવે તો શું અગાઉ કરેલ TCSમાં કોઈ ફેરફાર કરવાનો રહે?**

જવાબઃ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા આ અંગે સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે આ જોગવાઈઓ હેઠળ ક્રેડિટ કે ડેબિટ નોટની કોઈ અસર લાગુ પડશે નહીં. ક્રેડિટ-ડેબિટ નોટના કારણે કોઈ રકમમાં ફેરફાર થાય તો પણ TCSની રકમમાં કોઈ ફેરફાર કરવાનો રહેશે નહીં.

**૧૮. TCSની રકમ જમા કેવી રીતે કરવાની રહે? ડ્યુ ડેટ કઈ ગણાશે.**

જવાબઃ TCSની ચુકવણી આ નવી ઉમેરેલ કલમ હેઠળ પણ અન્ય TDS-TCS મુજબ જે તે મહિના પછીના ૭ દિવસની અંદર કરવાની રહે છે.

**૧૯. TCSના કરવામાં આવે તો શું થાય?**

જવાબઃ જો આ જોગવાઈ મુજબ TCS કરવામાં નહીં આવે તો TCS કરવા જવાબદાર કરદાતા એસેસી ઈન ડિફોલ્ટ ગણાશે. TDS-TCSના કરવા બદલ લાગતી તમામ પેનલ્ટી તથા ઈન્ટરેસ્ટ તેના ઉપર લાગુ થઈ જશે.

**૨૦. શું આ જોગવાઈની સરળતા માટે TCS કરવા જવાબદાર કરદાતા એડ્વાન્સમાં વેચાણ સમયેજ TCS કરી અને જમા કરવી દે અને જ્યારે પેમેન્ટ મળે ત્યારે TCS ના દર્શાવે તો શું એ યોગ્ય કહેવાય?**

જવાબઃ ના, આ રસ્તો જોખમી છે. આમ કરવાથી ઘણી કયદાકીયા સમસ્યા ઊભી થઈ શકે છે. ખાસ કરીને જ્યારે એક વર્ષમાં ખરીદી થઈ હોય અને પેમેન્ટ અન્ય વર્ષમાં કરવામાં આવે ત્યારેતો અનેક ગૂંચવાડો કરદાતા માટે ઊભી થઈ જાય છે. આમ, આ પદ્ધતિ અપનાવવી જોઈએ નહીં.

આ નવી જોગવાઈઓ લાગુ પડવાથી ઘણા કરદાતાઓમાં ડર પેસી ગયા હોવાના સમાચાર મળી રહ્યા છે. અમારા મતે આ જોગવાઈથી ડરવાની જરૂર નથી. સૌ પ્રથમ તો આ જોગવાઈ ખૂબ મર્યાદિત કરદાતાઓને (ટર્નઓવરની મર્યાદા જોતાં) લાગુ પડશે. જેમને લાગુ પડશે તેમાં પણ ખરીદનાર તરીકે TCS થશે તેટલી રકમ જે તે કરદાતાએ પોતાના એડવાન્સ ટેક્સ સામે એડ્જેસ્ટ કરી શકાશે. વેચનારની જવાબદારી જો આ ટર્નઓવર મર્યાદાને આધીન લાગુ પડે તો તેમના મતે ચોક્કસ એક નવી જવાબદારી નિભાવવી પડશે.

(આ પ્રશ્નના જવાબો ટેક્સ ટુડે એક્સપર્ટ્સ દ્વારા પોતાના કાયદા અંગેના અર્થઘટન ઉપરથી આપવામાં આવ્યા છે.)

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઇ રીતે જવાબદાર રહેતા નથી.

## Important AAR with Tax Today:

## ખનન સાથે જોડાયેલ કરદાતા દ્વારા ભરવામાં આવતી રોયલ્ટી ઉપર ક્યાં દરે જી.એસ.ટી. લાગુ પડે??

**અરજકર્તા: ગિરિરાજ ક્વોરી વર્કસ**

ઓર્ડર નંબરઃ GUJ/GAAR/R/32/20, તારીખ ૨૦ જુલાઇ ૨૦૨૦

**અરજદારના ધંધાના તથ્યોઃ**

અરજદાર એ ''બ્લેક ટ્રેપ'' ની લીઝ ધરાવતા હતા. તેઓ ખનન કરી ''બ્લેક ટ્રેપ''નું ઉત્પાદન કરતાં હતા.

તેઓ દ્વારા રોયલ્ટી પેટે સરકારને રકમ જમા કરવવામાં આવતી હતી.

**અરજદારના પ્રશ્નોઃ**

૧. અરજદાર દ્વારા સરકારને ચૂકવવામાં આવતી રોયલ્ટી જો સેવા ગણાય તો તેના ઉપર ક્યાં દરે જી.એસ.ટી. લાગુ પડે?

૨. ગુજરાત સરકાર દ્વારા અરજદારને પૂરી પાડવામાં આવતી સેવા ઉપર ક્યાં દરે જી.એસ.ટી. લાગુ પડે?

**AAR નો આદેશઃ**

કોઈ પણ લીઝ, ટેનન્સી, ઈઝમેંટ, કોઈ જમીન વાપરવાનો હક્ક આપવો એ જી.એસ.ટી. શિડ્યુલ ૨ ની એન્ટ્રી ૨ મુજબ સેવા ગણાય.

આ સેવાઓ ઉપર સર્વિસ એકાઉન્ટિંગ કોડ ૯૯૭૩૩૭ લાગુ પડે. આ સેવા હેઠળ ''લાઈસન્સિંગ સર્વિસ ફોર રાઈટ ટુ યુઝ મિનરલ'' નો સમાવેશ થાય છે.

આ સેવા બદલ અરજદાર સરકારને રોયલ્ટીની ચુકવણી કરે છે.

આ સેવા ઉપર ૧૮% (૯% CGST+ ૯% SGST) ના દરે જી.એસ.ટી. લાગુ પડે.

**લેખક નોંધઃ** આ અંગે એક મહત્વની બાબત એ ધ્યાને રાખવી જરૂરી છે કે CGST (રેઈટ) નોટિફિકેશન ૧૩/૨૦૧૭, તા. ૨૮.૦૬.૨૦૧૭ ની એન્ટ્રી ૫ મુજબ આ સેવાઓ ઉપર રોયલ્ટી ભરનાર દ્વારા રિવર્સ ચાર્જ મુજબ જી.એસ.ટી. ભરવાનો રહે છે.

## હોસ્પિટલ દ્વારા આઉટસોર્સિંગથી મંગાવવામાં આવતા ખોરાક ઉપર લાગે ૫% જી.એસ.ટી.

**અરજકર્તાઃ નવનીથ કુમાર તલ્લા** (2020-VIL-228-AAR)

ચુકાદો આપનાર સત્તાધિકારીઃ AAR તેલંગાણા

**પ્રશ્નઃ**

૧. હોસ્પિટલ દ્વારા દર્દીઓ માટે આઉટસોર્સ કરી બહારથી મંગાવવામાં આવતા ખોરાક ઉપર ક્યાં દરે જી.એસ.ટી. લાગે?

૨. હોસ્પિટલ દ્વારા દર્દીઓ માટે આઉટસોર્સ કરી બહારથી મંગાવવામાં આવતા ખોરાકને નોટિફિકેશન ૧૨/૨૦૧૭ દ્વારા મળતી કરમુક્તિનો લાભ મળે?

**કેસની હકીકતઃ** અરજદાર એક હોસ્પિટલમાં દાખલ કરેલ દર્દી માટે જમવાનું પૂરું પાડવાના કામમાં રોકાયેલા છે. તેઓને ચુકવણી હોસ્પિટલ દ્વારા કરવામાં આવે છે. દર્દી સીધા તેઓને ચુકવણી કરતાં નથી. હોસ્પિટલમાં એડમિટ થયેલ પેશન્ટ માટે જમવાનું આપવાની વ્યવસ્થા અરજદાર કરે છે જેની સામે તે હોસ્પિટલ તેમને ચૂકવણું કરે છે.

**ચુકાદોઃ** નોટિફિકેશન ૧૨/૨૦૧૭ ની એન્ટ્રીનો લાભ માત્ર જ્યારે હોસ્પિટલ પોતે દર્દીને ખોરાક પૂરો પાડે તો લાગુ પડે. અન્યથા આ કરમુક્તિ લાગુ પડે નહીં અને આ પ્રકારના વ્યવહાર ઉપર ૫% જી.એસ.ટી. લાગુ પડે.

# જી.એસ.ટી. કાઉન્સીલની ૪૨મી મિટિંગના મહત્વના નિર્ણય

### ૮ કલાક લાંબી મિટિંગમાં અમુક બાબતો ઉપર થઈ ના શકી સહમતી



જી.એસ.ટી. કાઉન્સીલની ૪૨મી મિટિંગ ૪ ઓગષ્ટ ૨૦૨૦ના મળી હતી. આ મિટિંગમાં તમામ રાજ્યોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ મિટિંગ લગભગ ૮ કલાક સુધી ચાલી હતી. આ મિટિંગમાં નીચેના મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

**જી.એસ.ટી. કાઉન્સીલના મહત્વના નિર્ણયઃ**

૧. આજે રાત સુધીમાં કંપેનસેશન સેસની ૨૦,૦૦૦ કરોડની રકમ રાજ્યોને ચૂકવી આપવામાં આવશે.

૨. ૨૪૦૦૦ કરોડની રકમ જે એવા રાજ્યો હતા જેમને IGSTની રકમ મળવી જોઈએ તેના કરતાં ઓછી મળી હતી, તેવા રાજ્યોને કેન્દ્ર સરકાર ચુકવણી કરી આપશે. આવતા અઠવાડીયાના અંત સુધીમાં આ ચુકવણી કરી નાખવામાં આવશે. જે રાજ્યોને IGSTની રકમ મળવી જોઈએ તેના કરતાં વધુ મળી હતી તેમને ચુકવણી કરવામાં આ કોવિડના મુશ્કેલ સમયમાં, મુદત આપવામાં આવશે.

૩. ૧ જાન્યુઆરી ૨૦૨૧થી નાના કરદાતાઓ જેઓનું ટર્નઓવર ૫ કરોડ કે તેથી નીચે છે તેમને જી.એસ.ટી.આર. ૩ઈ રિટર્ન ક્વાટરલી ભરવાની પરવાનગી આપવામાં આવશે. જોકે ચલણ દ્વારા દર મહિને પાછલા ક્વાટરની રકમ ઉપરથી અંદાજ કરી ટેક્સની ચુકવણી આવા નાણાં કરદાતાઓએ કરવાની રહેશે.

૪. ૦૧ એપ્રિલ ૨૦૨૧ થી જે કરદાતાઓનું ટર્નઓવર ૫ કરોડ ઉપર છે તેમણે ૬ આંકડાના HSN નંબર દર્શાવવા ફરજિયાત રહેશે.

૫. ૦૧ એપ્રિલ ૨૦૨૧ થી જે કરદાતાઓનું ટર્નઓવર ૫ કરોડકે તેનાથી ઓછું છે તેમણે B2B વ્યવહારો માટે ૪ આંકડાના HSN નંબર દર્શાવવા ફરજિયાત રહેશે.

૬. ૦૧ જાન્યુવારી ૨૦૨૧ થી જી.એસ.ટી. રિફંડ લેવા માટે બેન્ક ખાતા PAN તથા આધાર સાથે ''વેલિડેટ'' થયેલા હોવા જોઈશે. આ સિવાયના ખાતામાં રિફંડની ચુકવણી કરવામાં આવશે નહીં.

૭. રિફંડ અરજી વેલિડેટ કરવા માટે આધાર OTPની સગવડ શરૂ કરવામાં આવશે.

આ સિવાય ઘણા એવા મુદ્દાઓ હતા જેના ઉપર હજુ નિર્ણય લેવામાં આવ્યો નથી. જી.એસ.ટી. કાઉન્સીલની આગામી બેઠક ૧૨ ઓક્ટોબરના રોજ ફરી મળશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. કંપેનસેસન સેસની મુદત વધારવા જોકે સર્વસંમતિ સાધવામાં આવેલ છે.

પત્રકારોના પ્રશ્નોના જવાબમાં નાણાંમંત્રીએ જણાવ્યુ હતું કે ''૧૪% ગ્રોથ'' જેવી પ્રોટેકશન રકમને વધારાના સમય માટે ''૧૦%'' સુધી લઈ જવા વિચારણા થઈ રહી છે. ''સેસ''ની મુદત વધારવામાં આવે ત્યારે આ ગ્રોથ રેઈટ ધ્યાને લઈ શકાય છે તે અંગે હજુ ભવિષ્યમાં ચર્ચાઓ કરવામાં આવશે. સેસના વર્ષો વધારવાથી સૌપ્રથમ હાલના સમયની (કોવિડ સામાની) લોન ઉપર વ્યાજ ચૂકવવામાં આવશે. ત્યારબાદ જે રકમ વધે તેના ઉપર હપ્તાની ચુકવણી કરવાની રહેશે.

આ ઉપરાંત એક પત્રકારના પ્રશ્નના જવાબમાં નાણાંમંત્રીએ જણાવ્યુ હતું કે ''આલ્કોહોલિક'' તથા ''નોન આલ્કોહોલિક'' વચ્ચે કોઈ તફાવત કરવા સહમતી સધાઈ નથી અને તમામ પ્રકારના સેનેટાઈઝર ઉપર ૧૮% જી.એસ.ટી. લાગુ છે તે ચાલુ રહેશે. આનું કારણ એ આપવામાં આવ્યું હતું કે ''કન્ટેન્ટ'' સાબિત કરવા એક મુશ્કેલ બાબત છે.

શું ૧૦ રાજ્યો કેન્દ્ર સરકારના વિકલ્પ અંગે સહમત નહીં થાય તો શું તમામ રાજ્યોએ તેમના કારણે ભોગવવું પડશે તે અંગે એક પ્રશ્નના જવાબમાં નાણાંમંત્રીએ જણાવ્યુ હતું કે કોઈ રાજ્ય કદાચ કેન્દ્ર સરકારના RBI પાસે લોન લેવાના વિકલ્પ પસંદ નહીં કરે તો પણ તેમના કોઈ હક્કને અસર પડશે નહીં અને જ્યારે આ સેસની રકમ જમા થશે તેમને ચૂકવી આપવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. હવે ૧૨ ઓક્ટોબરના રોજ યોજાનાર કાઉન્સીલની ૪૩ મી મિટિંગમાં આ અંગે વધુ ચર્ચાઓ કરવામાં આવશે તેવા સમાચાર મળી રહ્યા છે. **(ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે.)**

# ૨૦૧૮-૧૯ ના આવકવેરા રિટર્ન ભરવાની મુદત પણ ૩૦ નવેમ્બર સુધી વધારવામાં આવી

### કોરોનાના કારણે કરવામાં આવ્યો વધારો, ટ્વિટર ઉપર કરવામાં આવી જાહેરાત




તા.૩૦.૦૯.૨૦૨૦: આજે સવારે ૨૦૧૮ ૧૯ ના જી.એસ.ટી. વાર્ષિક રિટર્ન ભરવાની મુદતમાં વધારો જાહેર કરવામાં આવ્યો હતો. હવે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટના આધિકારી ટ્વિટર હેન્ડલ ઉપર આ અંગેનો આદેશ બહાર પાડવામાં આવ્યો છે. હવે, ઈન્કમ ટેક્સના વર્ષ ૨૦૧૮ ૧૯ ના બાકી રિટર્ન પણ ૩૦ નવેમ્બર ૨૦૨૦ સુધી ભરી શકાશે. ઉલ્લેખનીય છે કે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેના રિટર્ન ભરવાની તારીખ અગાઉ ૩૦ નવેમ્બર ૨૦૨૦ જાહેર કરવામાં આવેલ છે. હવે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ તથા ૨૦૧૯-૨૦ બન્ને ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૦ નવેમ્બર થઈ ગઈ છે. કોરોનાના કારણે આવેલા આ વધારાથી કરદાતાઓને રાહત મળશે તે બાબત ચોક્કસ છે. **(ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે)**

# જી.એસ.ટી. સરળ બનાવવા સૌથી જરૂરી છે 3B રિવાઈઝની સગવડ

### 'ટેક્સ ટુડે' આ સામે શરૂ કરી રહ્યું છે 'ટ્વિટર' મૂહિમ, revised3Bને ટેગ કરી નાણાંમંત્રી તથા જી.એસ.ટી. કાઉન્સીલને ટ્વિટ કરવા વાંચકોને અપીલ

જી.એસ.ટી. સરલીકરણ બાબતે લેવામાં આવી રહ્યા છે અનેક પગલાં પરંતુ રિવાઈઝ રિટર્ન ની સગવડ આપવા સરકાર તૈયાર નથી તે અંગે કારણ સમજવું મુશ્કેલ છે. ૪૨ મી જી.એસ.ટી. કાઉન્સીલમાં જી.એસ.ટી.આર. રિટર્ન સરલીકરણ અંગે ઘણા નિર્ણયો લેવામાં આવ્યા છે. પણ મૂળભૂત રીતે એક મહત્વનો નિર્ણય લેવા કાઉન્સીલ કેમ વિચારતી નથી તે પ્રશ્ન તજજ્ઞોમાં ઉઠી રહ્યો છે. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ નાણાકીય વર્ષ ૨૦૧૮ ૧૯ ના વાર્ષિક રિટર્ન ભરવા અંગે ખુલાસો બહાર પાડવામાં આવ્યો છે. આ ખુલાસો કરવો પડ્યો તે અંગેનું કારણ જી.એસ.ટી. હેઠળ રીવાઈઝ રિટર્ન ના કરવા દેવાની જડતા જ છે તેવું માનવમાં આવી રહ્યું છે. કોઈ પણ આઉટપુટ કે ઈન્પુટ દર્શાવવાનો રહી ગયો હોય ત્યારે સર્ક્યુલર ૨૬/૨૦૧૭ મુજબ જે તે વર્ષ પછીના ૩ઈ માં તેને દર્શાવવાની અતાર્કિક જોગવાઈના કારણે જી.એસ.ટી.આર. ૯ ફોર્મ ખૂબ જટિલ બની જાય છે. આ ફોર્મ ઉપરથી જ્યારે આકારણી અધિકારી અંદાજે ૪ વર્ષ જેટલા સમય પછી આકારણી કરશે ત્યારે આ તમામ વિગતો તથા પુરાવા કરદાતાઓ માટે આપવા ચોક્કસ મુશ્કેલ બની રહેશે.

રિટર્ન ભરવામાં ભૂલ થવી સામાન્ય બાબત છે અને તે સરકાર પણ માને છે. કરદાતાઓને રીવાઈઝ રિટર્ન આપવાથી કોઈ પણ પ્રકારે 'રેવન્યુ લોસ' સરકારને જાય તેમ નથી. તો આ સગવડ કેમ કરદાતાને આપવામાં આવતી નથી તે બાબત જી.એસ.ટી. લાગુ થયો ત્યારથી ચર્ચાનો વિષય છે. આગામી ૧૨ ઓક્ટોબરના રોજ જી.એસ.ટી. કાઉન્સીલની ૪૩ મી બેઠક હોય અમે revised3b સાથે નાણાંમંત્રી (nsitharaman) તથા જી.એસ.ટી. કાઉન્સીલ (GSTCouncil)ને ટેગ કરી તમારું ટ્વિટ તમારા શબ્દોમાં કરવા વિનંતી. **(ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે)**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

**વેપારીએ B2C વેચાણના માર્ચ ૨૦૨૦ મહિનાના બિલ જીએસટી GSTR1 અને 3B દેખાડવા માં રહી ગયેલ છે. તો હવે કઈ રીતે B2Cની વિગત returnમા કઈ રીતે દેખાડવી અને ટેક્સ કઈ રીતે ભરવો? શું ચાલુ વર્ષ એટલે ૨૦૨૦–૨૧ મા માર્ચ મહિના ના બાકી રહેલા વેચાણ ની વિગત GSTR 1 તથા 3B મા દેખાડી શકાય? – જય રાઈચૂરા, એકાઉન્ટન્ટ, રાજકોટ**

જવાબઃ- હા, માર્ચ ૨૦૨૦ના રિટર્નમાં ના દર્શાવી શક્યા હોય તેવા બિલો સપ્ટેમ્બર ૨૦ ના રિટર્ન સુધીના કોઈ પણ રિટર્નમાં બતાવી શકાય છે. આ માટે સર્ક્યુલર ૨૬/૨૦૧૭ જોઈ જવા વિનંતી. વર્ષ અલગ અલગ હોય ચૂકવવાનો બાકી વેરો વ્યાજ સાથે DRC 03 દ્વારા દર્શાવી આપવાનો વિકલ્પ પસંદ કરવાનો વિકલ્પ પણ લઈ શકાય. આ માટે GSTR 1માં બાકી રહી ગયેલું વેચાણ દર્શાવવાનું રહે પણ GSTR 3Bમાં દર્શાવવાનું રહે નહીં.

**અમારા અસીલ એલિવેટર પાર્ટસના ઉત્પાદક છે. તેઓએ એક કોફી વેંડિંગ મશીન ખરીદેલ છે. શું આ મશીનની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓને મળી શકે? જય રાઈચૂરા, એકાઉન્ટન્ટ, રાજકોટ**

જવાબઃ ના, જી.એસ.ટી. કાયદાની કલમ 17(b)(i) મુજબ કોફી વેંડિંગ મશીનની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં.

**મારા અસીલ ગુજરાતમાંથી જળમાર્ગે માલ પશ્ચિમ બંગાળ મોકલાવે છે. કન્ટેનર કોલકત્તા પહોચી ગયા પછી સમયસર ડિલિવરી ના થવાના કારણે ક્યારેક પોર્ટ ચાર્જ ચૂકવવાનો થાય છે. આ પોર્ટ ચાર્જ ઉપર જી.એસ.ટી. લગાડવામાં આવે છે. શું આ જી.એસ.ટી. ની ક્રેડિટ મળી શકે? – પિયુષ લિંબાણી**

જવાબઃ હા, પોર્ટ ચાર્જ ધંધાને લાગતો ખર્ચ હોય જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬ની શરતો પુર્ણ કરવામાં આવે તો ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે.

**મારા અસીલ કાર ભાડે આપવાની સર્વિસ આપે છે. ૫% RCMની જોગવાય છે. Notification No. 22/2019-CT (R) date 30-09-2019 (effective from 01-10-2019)ના અનુસંધાનમાં body corporate કોને કહેવાય? – પ્રશાંત મકવાણા**

જવાબઃ Body Corporateની વ્યાખ્યા કંપની એક્ટ ૨૦૧૩ ની કલમ ૨(૧૧) હેઠળ આપવામાં આવેલ છે. આ વ્યાખ્યા મુજબ ખાનગી કંપની, જાહેર કંપની, નાની કંપની, લિમિટેડ લાયાબિલિટી પાર્ટનરશિપ, ફોરેન કંપની વી. નો સમાવેશ થાય છે. આ કંપનીઓને કાર ભાડે આપવાની સેવામાં RCMને પાત્ર બની જાય છે.




**અમારા અસીલ ''ટિસ્યૂ કલ્ચર લેબ'' ધરાવે છે તેઓ લાઈવ પ્લાન્ટ પ્રોસેસ કરી અને તેનું વેચાણ કરે છે જેના માટે જરૂરી સામગ્રીની ખરીદી GST ચૂકવીને કરે છે. અમારો પ્રશ્ન એ છે કે લાઈવ પ્લાન્ટ NIL Ratedમાં આવે પછી Exempted Goodsમાં આવે? તેનો HSN કોડ જણાવશો, તથા ખરીદીની ITC મળવા પાત્ર છે કે કેમ તેની સમજણ પાડશો. – CA કલ્પેશ પટેલ**

જવાબઃટિસ્યૂ કલ્ચર લેબ દ્વારા લાઈવ પ્લાન્ટનું વેચાણ કરવામાં આવે તે HSN ૦૬૦૧૧૦૦૦ NIL રેટેડ ગણાય. NIL રેટેડ માલના વેચાણ ઉપર કલમ ૧૭(૨) હેઠળ ઈન્પુટ ક્રેડિટ મળી શકે નહીં.

**અમારા એક વેપારી એ અન્ય એક વેપારી સાથે કોન્ટ્રાક્ટ કરેલ છે જે મુજબ નક્કી થયેલ જમીન ના મેપમાં અમારે સિમેન્ટ ,કપચી, રેતીનું મિક્ષર પાથરી દેવાનું છે અને તેમાં અમુક ફૂટના અંતરે લોખંડ ના સળિયા બેસાડી આપવાના છે જે સળિયા અમારું ખરીદ વેચાણ નથી. તે સળિયા અમને તે વેપારી આપે છે તો મારે ખાલી સિમેન્ટ ,કપચી, રેતીનું મિક્ષર પાથરીને સપ્લાય કરવાનું છે. જેનું અમે IN-VOICE આપીએ છીએ. તો ઉપરોક્ત સપ્લાય ઉપર ક્યાં HSN કોડ હેઠળ કેટલા ટકા વેરો ભરવાનો રહે ? – નીલમ પરમાર**

જવાબઃ અમારા મતે તમારી સેવાએ કંપોઝીટ સપ્લાય ગણાય જેની મુખ્ય સપ્લાય સિમેન્ટ-રેતી-કપચીનું મિશ્રણ પાથરવાનું ગણાય. આ સેવા ઉપર ૧૮% ના દરે જી.એસ.ટી. લાગે તેવો અમારો મત છે.

**અમો કપચી ટ્રેડીંગનો ધંધો કરીએ છીએ. તેમજ કપચી સપ્લાય કરવામાટે ટ્રકનો ઉપયોગ કરીએ છીએ તે ટ્રક પોતાની માલિકી નો છે. તેના સ્પેર પાર્ટસની GSTની ITC એમોએ લીધેલ છે કપચીના સપ્લાયમાં INCLUDING ટ્રક ભડાનું બિલ બનાવી તેના ઉપર GST ભરી આપીએ છીએ. ઉપરોક્ત ટ્રક હાલ અમો એક કંપનીને ૬ મહિનાના ફિક્સ ભાડા પેટે (મહિને રૂ. ૧૦,૦૦૦*૬=૬૦૦૦૦) ભાડે આપવા માંગીએ છીએ. જે દરમિયાન EFFECTIVE કંટ્રોલ તેમનો રહે છે. તો આ રીતે ટ્રક ભાડે આપી શકાય કે કેમ? લીધેલ ITC માથી કાઇ રિવર્સ કરવાનું થાય ? અને ભાડા ઉપર વેરો ભરવાનો થાય? – પાર્થ પનારા**

**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**
**એડવોકેટ ભવ્ય પોપટ**

જવાબઃ Effective Control સાથે ટ્રક ભાડે આપવાની પ્રવૃતિ કોમર્શિયલ રેંટિંગ ઓફ વિહીકલની પ્રવૃતિ ઉપર ૧૮% ના દરે જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે. ITC રિવર્સ કરવાની રહે નહીં.

**અમો GST નંબર ધરાવીએ છીએ અમો ચીનથી ચાર્ન ખરીદી કરી માલ થઈ ડીલેવરી લીધા વગર માલનું વેચાણ બાંગ્લાદેશના વેપારીને કરીએ છીએ. શું આ પ્રકારના વ્યવહાર ઉપર જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે? – પાર્થ પનારા**

જવાબઃ આ પ્રકારના વ્યવહારો કોમર્શિયલ ભાષામાં હાઇ સી સેલ ના વ્યવહારો ગણાય. આ પ્રકારના વ્યવહારો ઉપર જી.એસ.ટી. કાયદાના પરિશિષ્ટ (શિડ્યુલ) IIIની એન્ટ્રી ૭ મુજબ જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે નહીં.

## ઈન્કમ ટેક્સ

**મારો પ્રશ્ન છે કે બાગાયત પાકો ના રોપા જેવા કે દાડમ, ખારેક, આંબા જે રોપા નું વેચાણ કરવાથી થતી આવક અગ્રિકલ્ચર ઇનકમ ગણાય કે? બિઝનેસ ઇન્કમ કનિસ્ડર થાય? – હિત લિંબાણી**

જવાબઃ આ પ્રશ્નમાં કરદાતાની પ્રવૃતિ બારીકાઈથી સમજવી જરૂરી છે. જો તેઓ પોતે બીજ વાવે, જાતે રોપા ઉગાડે તો તે ખેતીની આવક ગણાય. પરંતુ જો તેઓ રોપાનું ખરીદ-વેચાણનું કામ કરતાં હોય તો તેઓની આવક ધંધાકીય આવક ગણવાની રહે તેવો અમારો મત છે.

**મારા અસીલ રૂરલ એગ્રીકલ્ચર જમીન આઠ મહિના અગાઉ ખરીદી હતી. તેમના ઉપર ખેતી કરે છે. તે હવે વેચવાની હોવાથી તેમાંથી જે વેચાણ થશે એના ઉપર ઈન્કમ ટેક્સ લાગે કે પછી એક્ઝમટ ગણાય? – હિત લિંબાણી**

જવાબઃ-જો આપની જમીન જે તે નગર પાલિકા/મહાનગર પાલિકા હદથી નિયત મર્યાદાથી (૨ કી.મી./૬ કી મી/૮ કી મી) દૂર હોય તો આ જમીન ૨(૧૪) હેઠળ કેપિટલ એસેટ ગણાય નહીં. આ માટે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટની યુટિલિટી ચેક કરી લેવી હિતાવહ છે. https://www.incometaxindia.gov.in/Pages/utilities/Agriculture-Land-in-Urban-area2014.aspx

**મારા આસીલ થોડા સમય પહેલા કોમશિયલ વાહન ઓપરેટિંગનું કામ કરતાં હતા અકસ્માત થતાં મોટર વેહિકલ એક્સિડન્ટ હેથળ તેમને દસ લાખ જેટલું મળવાપાત્ર હતું જે કાયદાકીય કાર્યવાહી માં વિલંબ થવા ના કારણે અટવાયેલું હતું. નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦માં કોર્ટ નો ચુકાદો આશીલના તરફેણમાં આવતા મારા અસીલને ૧૦ લાખ રૂપિયા જેટલું વળતર તેમજ ૧૨ લાખ રૂપિયા જેટલું વ્યાજ મળવા પાત્ર છે વ્યાજ ઉપર ૧૦%લેખે વીમા કંપનીએ TDS કરેલ છે મારો પશ્ન એ છે કે વિમાની રકમ ઉપર મળવા પાત્ર વ્યાજ ટેક્સેબલ ઇનકમ ગણાય કે પછી એકઝમ્પટ ઈન્કમ ગણાય? વિમાની મૂળ રકમ અને વ્યાજ ને ઇનકમટેક્સ રિટર્નમાં ક્યાં હેડ હેઠડ બાતવાનું રહે? અને જો વ્યાજની રકમને કરમુકત બતાવીએ તો TDS રિફંડ લેવામાં કોઈ પ્રોબ્લેમ આવે કે ના આવે તે પણ જણાવશો – પિયુષ લીંબાણી**

જવાબઃ મોટર વિહીકલ એક્ટ હેઠળ મળેલ અકસ્માત વળતર આવકન કેપિટલ રિસીપ્ત ગણાય. આ માટે વિનોદકુમાર vs ITO ચંડીગઢ (32 ITD 254 ITAT) તથા CIT Vs ચિરનજી લાલ મૂલતાનીમલ રાય બહાદુર, (PH High Court) જોઈ જવા વિનંતી. આ રકમ મોડી ચૂકવવાના કારણે મળતું વ્યાજ પણ વળતરનો ભાગજ ગણાય. આ આવકને ઈન્કમ ટેક્સ રિટર્નમાં દર્શાવવાની રહે નહીં. આ અંગે TDSનું રિફંડ ક્લેમ કરવામાં પ્રેક્ટિકલ મુશ્કેલી આવી શકે છે. ઈન્કમ ટેક્સ પ્રોસેસિંગ દરમ્યાન ૧૪૩(1a)ની પ્રાથમિક નોટિસ આવે ત્યારે આ અંગે ખુલાસો કરી શકાય છે.

**અમારા અસીલને ''ઓનલાઇન રમી'' રમવાની આવક સામે TDS થયો છે. ઓનલાઈન કંપની દ્વારા TDS નફા ઉપર કરવામાં આવ્યો છે. પણ ખરેખર તો અમારા અસીલને વાર્ષિક ધોરણે નુકસાન થયેલ છે. ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૫૮ હેઠળ તેમણે આ પ્રકારની આવકમાંથી ખર્ચ તો બાદ ના મળે પરંતુ નુકસાનતો બાદ મળે તેવો અમારો મત છે. એક્સપર્ટનો આ અંગે મંતવ્ય જણાવવા વિનંતી.**

**– ઈમરાન ચોરવાડા, એડવોકેટ**

જવાબઃ ના, આ પ્રકારના ગેમ્બ્લિંગ પ્રકારની કોઈ પણ આવકના નુકસાન સેટ ઓફ કરવાની ઈન્કમ ટેક્સ કાયદામાં કોઈ જોગવાઈ નથી. આ પ્રકારની આવકમાં કોઈ બેઝિક એકસેમ્પશન પણ મળે નહીં.

## -: ખાસ નોંધ :-

૧. જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૨. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઈ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપટ્ર્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કોલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayunagmail.com પર ઈ મેઈલ કરી શકો છો. સોમવાર થી શુક્રવાર સુધી આવેલા પ્રશ્નોના જવાબ શક્ય હોય ત્યાં સુધી પછીના સોમવારે પ્રસિદ્ધ કરવામાં આવશે.

**ડિસ્કલેમરઃ** આ કોલમ ટેક્સ ટુડે ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

◆ Year: 5, ◆ Issue No.1, ◆ Continue Issue No.48, ◆ Date: 17/10/2020, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/-
◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat, ◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath.
◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.